હિન્દના ઉત્કર્ષાર્થે

ગોપાલનનો ઉત્તમ માર્ગ.



गावः प्रतिष्ठा भूतानाम् ।

અર્થ—ગાય સર્વ પ્રાણીઓના આધારરૂપ છે

છપાવી પ્રસિદ્ધ કરનાર

મોતીભાઈ મથુરભાઇ પટેલ.

મુ. ધર્મજ તા. પેટલાદ.

આવૃત્ત પહેલી પ્રત ૫૦૦૦

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

કિમ્મત રૂ૦ ૦-૧-૦.

ખોરાક આરોગ્ય અને બળ.

હિંદુ ધર્મ શાસ્ત્રોમા અહિંસા પાળવા આજ્ઞા કરેલી છે તે સર્વ કોઇના જાણવામાં છેજ. અને કુરાનમાં પણ અહિંસા પાળવા આજ્ઞા કરેલી છે જુઓ મકાની હજ (જાત્રા) કરવા જનાર હા·જીનો પહેરવેશ ધારણ કર્યા પછી તેઓ એટલે સુધી અહિંસા ધર્મ પાળે છે કે માથામા જૂ કે લીખ હોય તે મરવાના ભયથી માથું પણ ખજવાળતા નથી, તો પછી વધ કરીને માંસાહાર કરવાની આજ્ઞા તો હશેજ નહી એ દેખીતુ છે. વળી માંસાહારથી ઘણાજ ભયંકર દરદો ઉત્પન્ન થાય છે એ માટે ઘણા ડોકટરોને અભિપ્રાય છે અને ડોકટર જે, એચ, કલોગ. એમ. ડી. કૃત "યુરીક એસીડ અને દરદનુ કારણ" નામના મહાન પુસ્તકમાંથી નીચે મુજબ દરદના ખરડાની નકલ આપુ છુ. નજલો, બધિરા, માથાનો દુખાવો, વાઇ, આચકી, ધ્રુજવા, હિસ્ટીરીઆ, ન્યુરેસ્થિનિયા (એક જાતના જ્ઞાન તંતુઓની નબળાઇ), નર્વસનેમ (નબળાઇ) મગજની નબળાઈ, તી, ચક્કર, લકવો, ઉજાગરો, દમ, હાંફણ, અપચો, મુઝારાની મીઠી પીસાબ તથા ગુરદાનું દરદ (આલબ્યુમિન્યુરીયા), જગ· પથરી, આખની અંદરના પડદાનો સોજો, મગજ તથા બરડાની સુકાઇ જવુ, આંતરડાનો વરમ, ઉપર પ્રમાણે આશરે ૩૧ ઉત્પત્તિનુ કારણ કેવળ માંસાહારનોજ ખોરાક છે એમ જણા· ની ઇ. સ. ૧૯૦૮ માં "લંડન વેજીટેરીઅન એસોસીએ કેટરી મિસ. એફ. આઇ. નીકલસને ૧૦૦૦૦ છોકરાંને વનસ્પતિના ખોરાકપર રાખ્યાં હતાં; અને 'લંડન

અર્પણ પત્રિકા.

આ પવિત્ર
હિન્દ ભુમિમા
જન્મીને ભારત વાસીઓની
થયેલી તથા થતી અવન્નતિથી
જેમનું હ્રદય નિરતર ગ્લાનિ
પામેલુ રહે છે, અને હિન્દના ઉત્કર્ષાર્થે
અનેક શુભ પ્રયત્નો કરી રહેલા છે. એવા હિન્દ
હિતૈષી મહાન ધર્મોપદેશકો, મહાન્ નરેશો, મહાન્
પુરુષો તથા સજ્જનોને આ લઘુ લેખ અંત કરણની ઉર્મીથી
પ્રેમપૂર્વક અર્પણ કરી, સવિનય પ્રાર્થના છે, કે આ
લઘુ લેખમા જે જે વિજ્ઞપ્તિ કરવામા આવી
છે, ને ઉપર દીર્ઘ દ્દષ્ટિથી વિચાર કરી
ગોપાલન માટે તાત્કાલિક ચાપતા
ઇલાજ લઈ, કૃતાર્થ કરશો
તો મારો શ્રમ સફળ
થએલો માનીશ

તથાસ્તુ

સેવક,

મોતીભાઈ મથુરભાઈ પટેલ.

પ્રસ્તાવના.

આપણો હિન્દ પ્રથમ જેવી જાહોજલાલીમા હતો, તેવી જાહોજલાલીમા લાવવા હાલ તેના અનેક હિતચિંતકો અનેક પ્રકારના પ્રયાસો આચરી રહેલા છે છતા તે દિવસે દિવસે એટલો બધો કંગાલ થતો જાય છે, કે જે ખેડુતો ઉપર બીજી પ્રજાનો આધાર છે તે ખેડુતોનો મોટો ભાગ પોતે પકવેલા અનાજથી પોતાનુ ગુજરાન ચલાવી શકતો નથી અને મોસમ ગયાને બે ત્રણ માસ થયા પહેલા તો જો વ્યાપારી અનાજ ધીરે તો છોકરા અનાજ દેખે એવો વખત આપણા દેશનો આવી પહોચ્યો છે, અને બીજા દેશો દિવસ દિવસે ચઢતી સ્થિતિમા આવે છે આવી સ્થિતિમા આવી પડવાના મુખ્ય કારણોમા ગોપાલન થતુ નથી એ કારણ પ્રાધાનપદ ભોગવે છે માટે ગોપાલનનો ઉદેશ પ્રત્યેક મનુષ્ય આગળ રજુ કરવા આ લઘુ લેખ લખવામા આવ્યો છે. જેનુ મહાત્મ ટુકાણમા નીચે પ્રમાણે છે

હિન્દુ ધર્મ શાસ્ત્ર—

पृष्ठे ब्रह्मा गले विष्णु र्मुखे रुद्रः प्रतिष्ठितः ॥
मध्ये देवगणाः सर्वे रोम कूपे महर्षय ॥ १ ॥
नागाः पुच्छे खुराग्रेषु ये चाष्टौ कुल पर्वता ॥
मूत्रे गंगादयो नद्यो नेत्रयो शशिभास्करौ ॥ २ ॥
एते यस्या स्तनौ देवाः सा धेनु र्वरदा स्तुमे॥
वर्णितं धनु माहात्म्यं व्यासेन श्रीमता त्विदम् ॥ ३ ॥

અર્થ - ગાયના પૃષ્ટ ભાગમા બ્રહ્મા, ગળામા વિષ્ણુ. મુખમા શંકર, મધ્ય ભાગમા સર્વ દેવતાઓ, રૂંવાટામા સર્વ મહર્ષિગણો, પૂચ્છમા નાગકુળ, ખરીના અગ્ર ભાગમા આઠ પર્વતો, મૂત્રમા ગંગા વગેરે સર્વ નદીઓ અને બન્ને આંખોમા ચંદ્ર, સૂર્ય નિવાસ કરે છે. આટલા દેવતાઓ જે ગૌ માતાની અંદર નિવાસ કરી રહેલા છે, તે ધેનુ મને પ્રસન્ન થઈ વરદાન આપો આ ગાયનુ મહાત્મ વ્યાસ-જીએ પોતાના મુખારવિંદથી વર્ણવેલુ છે

હેતુ—સુખકારક વસ્તુ પ્રત્યે હમેશા પ્રીતિ રહે એ સ્વભાવિક છે, એટલે છોકરા પ્રત્યે મા અને સ્ત્રીની પ્રીતિ હોય છે પણ જેમ માની પ્રીતિ મુખ અને સ્ત્રીની કમ્મર તરફ રહેછે તથા તેના સુખે સુખ અને દુખે દુખ પોતાના મનને માને છે તેમ દેવ વગેરે એ ગાય પોતાને સુખકારક માની છે અને તેના પ્રત્યે પૂર્ણ પ્રીતિ રહેલી છે. તે મનુષ્યને પણ સુખકારક છે અને વ્યવહારીક દૃષ્ટિએ પણ ઊંડો વિચાર કરતા સુખકારક લાગે છે માટે દેવોની તથા આપણી પ્રીય વસ્તુનુ પાલન કરીને સતોષવાથી દેવો તથા ગાયમાતા તરફથી આપણને સુખ પ્રાપ્ત થાય છે

गावो मे अग्रत· संतु गावो मे संतु पृष्टतः।
गावो मे हृदये संतु गवां वसाम्यहम् ॥
या लक्ष्मी सर्व भूतानां याच देवे प्रतिष्ठिता।
धेनु रुपेण सा देवा मम पाप व्यपोहतु ॥

(ભવિષ્ય પુરાણ.)

અર્થ—ગાયો મારી આગળ પાછળ અને હૃદયમા હો તથા

ગાયો મધ્યે હું નહુ જે લક્ષ્મી સર્વ પ્રાણી મંત્રમા, સર્વ દેવમા રહેલી છે તે લક્ષ્મી ગાય રૂપે મારા પાપને નાશ કરો

હેતુ—જેની પાસેથી લાભ મેળવવો હોય તેની સાથે ઘાડ સબંધ થઇ અરસપરસ સારી પ્રીતિ થયા સિવાય પૂર્ણ લાભ મળી શકે નહીં માટે પૂર્ણ લાભ લેવા સારૂ ગાય ઉપર આપણી પ્રીતિ અને ગાય સતોષી આપણા ઉપર પ્રીતિ રાખે તો ઘણો લાભ મળે અને દુખ નાશ પામે.

विश्वोपकार करणे समर्थाः कामधेनवः
भवत् पुजा रतो येन भवद् व्रत परायणः
तेषां सर्वार्थ सिद्धिः स्यात् त्वदो यस्य प्रभावतः

(શ્રી મહા ભા.)

અર્થ—વિશ્વ ઉપર ઉપકાર કરવામા ગાયો સમર્થ છે માટે તેની પૂજા તથા વ્રતમા હમેશા પ્રીતિ રાખવી તેની કૃપાથી સર્વ સુખ મળે છે

सौरभेयः सर्वहिताः। पवित्राः पुण्यराशय ॥
प्रति गृण्हतु मे ग्रास। गाव स्त्रै लोक्य मातर ॥१॥

(ઇતિ. ઋગ્વેદી બ્રહ્મ કર્મ ગો ગ્રાસ દાન વિધી ઋગ્વેદ મ. મંડલ ૬ અ. ૩ સુક્ત ૨૮ ઋચા ૧ આ ગાવો ઇતિ—શુકન યજુર્વેદ સ. અ. ૩૬ મંત્ર ૮ શન્નો અસ્તુ ઇતિ.)

ભાવાર્થ—મનુષ્ય જેને પેટે જન્મ લે છે તેનેજ માતા માને છે, પણ તે માતાના તથા સર્વ લોકના આધારરૂપ આરોગ્યતા અને બુદ્ધતા આપી પુણ્યવાન કરનારી અને સંપત્તિ સુખ આપનારી જગ-

તેની માતા ગાય છે, એ માટે બધા મનુષ્યોએ તેની પુજા કરીને પ્રીતિથી અન્ન આપવુ જોઇએ.

ગાયની સેવા કરવાથી દીલીપ રાજાને સર્વ ગુણ સપન્ન રઘુ નામે પુત્ર થયો એ રઘુના વશમા વિષ્ણુનો અવતાર દશરથા રામ થયા ગાયને હિન્દુજ પૂજે છે એમ નથી પણ ગાયથી ઉત્પન્ન થએલા મ્લેચ્છ, યવનાદિ " રહીમ્ " કહીને એને પુજ્ય માન છે.

(રઘુવંશ ગ્રથ)

કુરાન શરીફમા હજની બાબતની આયાત રૂદમા જણાવ્યુ છે, કે ગાયના માસ અને લોહીનો ઉપયોગ કરનાર કદી પણ પરમેશ્વરને પહોચતો નથી, પરતુ તેની પરહેજગારી અને ભજનવાળો પહોચે છે

વળી મોલવી " અહમદ મુખતાર સાહેબે " " બરકત વગેરે હરકત " એવા નામનુ પુસ્તક પ્રગટ કર્યું છે તેમા કુરાને શરીફ તથા હદીસ વગેરેના પ્રમાણ આપીને ગો માસ ખાવાનો નિષેધ પ્રસિદ્ધ કરેલા છે એટલે ગાયનું માસ ખાવું એ હક નથી, એમ બતાવ્યુ છે, અને જણાવ્યુ છે, કે ગાયોની હિસા નહિ કરતા જો તેનું પાલન કરવામા આવે તો તેથી દેશ ઘણોજ આબાદ થાય એમ નહિ સમજો કે બધા મુસલમાન ભાઇઓ ગાયોની હિંસા કરે છે. ઘણા પ્રતિષ્ઠિત મુસલમાન ભાઇઓ કદી પણ ગોમાસ ખાતા નથી, અવળે રસ્તે દોરવાઇ ગએલા અમારા મનુષ્ય બધુઓને પરમેશ્વર સદ્બુદ્ધિ આપો કે જેથી આ હાનિકારક અને નિદવા લાયક ગોવધનો જલદી અંત આવો.

ધર્મ શસ્ત્રોના તથા મહાન્ પુરુષોના ટુંકા વાકયોમા ઘણાજ ઉંડા અનેક પ્રકારના હેતુઓ રહેલા હોય છે. જો તેનું સ્પષ્ટી કરણ કરવા જઇએ તો એકેક વાકય માટે ઘણોજ લાબો લેખ થઇ જાય

એટલા હેતુ સમાએલા હોય છે પણ મારી સમજ પ્રમાણે કેટલેક ઠેકાણે ટુંકાણમાં હેતુ જણાવેલા છે. માટે વાચનાર સુજ્ઞ જનો પોતાની શક્તિને અનુસરીને યોગ્ય લાગે તે પ્રમાણે હેતુનો વિચાર કરવા કૃપા કરશો એવી આશા છે.

આ લેખ લખવામા જે દષ્ટાનો તથા કવિતાઓ વગેરે દાખલ કરવામા આવ્યાં છે, તે પ્રથક પ્રથક માણસોએ લેખો વગેરે છપાવેલા છે, તેમાથી જરૂર પુરતા લીધા છે, તેના લેખકોનો તથા મારા લેખને વાચી જોઇ તેમાં સુધારો વધારો કરી યોગ્ય સલાહ આપનાર મુરબ્બીઓનો તથા માગ સ્નેહીઓનો અંત:કરણથી આભાર માનું છુ.

લેખ લખી જાહેર મનુષ્ય બધુઓના હાથમા વાચવા મુકવાનો આ મારો પ્રથમ પ્રયાસ હોવાથી તેમા કઇ પણ દોષ અથવા ખામી જણાય તો તેને માટે ક્ષમા ચાહુ છુ.

જો કોઇ ગૃહસ્થને આ લેખમા કઇ સુધારો વધારો કરવા જેવું લાગતું હશે, તો તેઓ પોતાની સુચના મોકલવા કૃપા કરશે, તો તે ઉપકાર સાથે સ્વિકારી બીજી આવૃત્તિ વખતે યોગ્ય સુધારો કરવામા આવશે.

સુજ્ઞ વાંચનારના દયાળુ મન ઉપર આ લેખ અસર કરે એવું પરમ કૃપાળુ જગત્ નિયતા પાસે પ્રાર્થના પૂર્વક માગું છુ.

મો. મ. પટેલ.

હિન્દના ઉત્કર્ષાર્થે.

ગો પાલનનો ઉત્તમ માર્ગ.

હે આર્ય જનો ગોપાલન કરો.

लोक तारिणी परलोक उद्धारिणी
जय जय जय श्री गौ माता
दुःख हरण सुख करण या जग माई
जय जय जय श्री गौ माता

તારા પ્રતાપે જગ જીવે માતા
તારા પ્રતાપે જગ જીવે દેવી.

તુ અન્ન દાતા, તુ પ્રાણ દાતા, તું મુક્તિ દાતા.

તુ અન્નદાતા, તુ પ્રાણદાતા, તુ મુક્તિદાતા.



દૂધ આપનાર— હિંદુ પારસી યુરોપીઅન મુસલમાન.
મને દૂધ આપો મને દૂધ આપો ગોશ, ઘી, માખણ દૂધ લે છે.

નમસ્તુ કામ ધેનુભ્યો યાઃ પુનતિ જગત્રયં
યદાધાર સ્થિત વિશ્વં નંદાદિભ્યો નમો નમઃ

(શ્રી. મા. ભા)

અર્થ—ઇચ્છા પૂર્ણ કરનારી ગાયોને નમસ્કાર જે ત્રણ લોકને પવિત્ર કરે છે, અને જેના આધારે વિશ્વ રહેલુ છે, તે ગાયોને વારંવાર નમસ્કાર કરૂ છુ

ભારત વાસીઓ! પ્રાચીન સમયમા જ્યારે બીજા દેશો જંગલી અવસ્થામા પોતાનો કાળ નિર્ગમન કરતા હતા, ત્યારે આપણો ભારત દેશ જ્ઞાન, શૌર્ય, સંપત્તિ, વ્યાપાર, આચાર, વિચાર અને કૃષિ ઇત્યાદિમા ઉન્નતિના શિખરે પહોચી પોતાના પ્રકાશવડે અન્ય દેશોને પ્રકાશિત કરતો હતો, અને વિદેશી પ્રજા ભારત ભૂમિ રૂપી સૂર્યના પ્રકાશમાં અંજાઇ પતગીઆની માફક તેમા ઝંપલાવવા પ્રયાસ આચરી રહી હતી આટલી બધી મહત્વાકાક્ષાનું કારણ હોવુ જોઇએ. તેને માટે વિચાર કરતા એમ જણાશે કે આ પવિત્ર ભારતભૂમિમા નવા દ્રવ્યો ઉત્પન્ન કરવાના અનેક સાધનો સર્વની દૃષ્ટિ મર્યાદાનુ મધ્યબિંદુ બન્યા હતા આ સાધનોપૈકી ખેતીવાડી એ અગ્ર ગણ્ય સાધન છે દીર્ધ દૃષ્ટિથી વિચાર કરતા જણાશે કે આ દેશની ખેતીનો આધાર જે જે સાધનોને અવલંબીને રહેલો છે, તે સાધનો પૈકી બળદ એ એક અગત્યનુ સાધન છે, અને એ અગત્યનું સાધન પૂરૂ પાડવાને માટે આપણી "ગાય માતા" કે જે ઉપર આપણા જીવનનો આધાર રહેલો છે તેના વડેજ આ હિન્દ ભૂમિ કીર્તિ અને પવિત્રતામા શ્રેષ્ઠ હક ભોગવતી હતી. જન્મદતા માતા પોતાનાં બાળકોની કુમારાવસ્થામાં પોતાનુ અમૂલ્ય દૂધ આપી પોષણ કરે છે; પણ તે અમુક

કાળ પર્યંતજ. પરતુ આપણી ગાય માતા કે જે દીર્ઘકાળ સુધી આપણને તેના દૂધ, ઘી વડે પોષી આપણું શારીરિક અને માનસિક બળ વધારે છે. તેનાજ પરિણામે આપણી આ માતૃ ભૂમિમા અનેક નીતિમાન અને બલિષ્ઠ નરેશો, ધર્માત્માઓ, ઋષિઓ, યોદ્ધાઓ, ઉત્પન્ન થઈ આ ભૂમિની શ્રેષ્ઠતામા વધારો કરતા હતા. જ્યા સુધી આપણી 'ગાય માતાઓ' પરના આપણા પ્રેમની અવધિ હતી, ત્યા સુધી તેના બલિષ્ઠ પયસેવનના પ્રતાપે આર્યજનોની બુદ્ધિ અને શક્તિમા અનહદ વધારો થતો હતો જેમ જેમ વખત વીતતો ગયો અને આપણે આપણી 'ગાય માતાને' વિસરતા ચાલ્યા તેમ તેમ આપણી એ માતાઓનો અંત આવતો જઇ બલિષ્ઠ પય મળતું કમી થઇ ગયું, અને ખેતીના ખરેખરા સાધનરૂપ તે માતાના પુત્રો કે જે બળદના નામથી ઓળખીએ છીએ, તેમની ઉત્પત્તિ ઓછી થઇ ગઇ તે કારણથી આપણી ખેતીપર જબરજસ્ત આઘાત થઈ તેની અધોગતિ થઇ ગઇ ખેતીની અધોગતિમાજ દેશની અધોગતિ સમાએલી હોવાથી આપણી દશા વિપરિત થઇ પડી છે, માટે આ સ્થિતિમાથી બચવાનો ખરો ઉપાય આપણી 'ગૌ માતાનું પાલન' કરવુ એજ છે. માટે હિન્દુશાસ્ત્ર તથા વૈદકશાસ્ત્રમા પવિત્ર ગૌમાતાને ઉત્તમમા ઉત્તમ ઉત્પાદક કામ ધેનુ ગણેલી છે, કેમકે તે જીવતી હોય ત્યારે મનુષ્યની દરેક હાજતો પૂરી પાડવાનો અને રોગો દૂર કરી શકવાનો અદ્દભુત ગુણ ધરાવે છે એટલે કે તેનું દૂધ, દહી, માખણ, ઘી, મૂત્ર, મળ, ગોરોચન વગેરે એટલાં બધાં ગુણકારક છે કે તેનુ વિવેચન કરતા એક નાનું પુસ્તક થઇ જાય તો પણ તે પૈકી કેટલાકના ગુણનું ટુંકાણમા વર્ણન જણાવું છુ.

गव्यं दुग्धं विशेषेण मधुरं रसपाकयोः ।
शीतलं स्तन्यकृत्स्निग्धं वात पित्तास्रनाशनम् ॥
दोष धातु मलस्रोत· किञ्चित्क्लेदकर गुरु ।
जरा समस्त रोगाणां शान्तिकृत्सेविनां सदा ॥

(ભાવ પ્ર.)

અર્થ—ગાયનું દૂધ રસમાં તથા પાકમાં વિશેષે કરીને મધુર છે, શીતળ છે, ધાવણને વધારનાર છે, સ્નિગ્ધ છે, વાયુને પિત્તને તથા રૂધિર સંબધી રોગને ટાળનાર છે, દોષોને, ધાતુઓને, મળને તથા નાડીઓને કાંઇક આર્દ્ર કરનાર છે, ભારે છે, અને સર્વદા સેવન કરનારાઓના સઘળા રોગોને તથા જરાને શાંત કરનાર છે.

गव्यं दधि विशेषेण स्वाद्वम्लं च रुचिप्रदम् ।
पवित्रं दीपनं हृद्यं पुष्टिकृत्पवना पहम् ॥
उक्तं दध्नामशेषाणा मध्ये गव्यं गुणाधिकम् ॥

(ભાવ પ્ર.)

અર્થ—ગાયનું દહીં વિશેષે કરી મધુર, ખાટું, રૂચિ આપનાર, પવિત્ર, અગ્નિને પ્રદીપ્ત કરનાર, મનને પ્રિય લાગે એવું, પુષ્ટિ કરનાર અને વાયુને મટાડનાર છે. સઘળા દહીંમાં ગાયનું દહીં અધિક ગુણો-વાળું ગણવામાં આવ્યું છે.

मृक्षणं सरज हैयङ्गवीनं नवनीतकम् ।
नवनीत हितं गव्यं वृष्यं वर्णबलाग्निकृत् ॥

संग्राहि वातपित्तासृक्क्षयार्शोर्दितकासहृत्
तद्धितं बालके वृद्धे विशेषादमृतं शिशो ॥

(ભાવ પ્ર)

અર્થઃ—ગાયનું માખણ હિતકારી, મૈથુન શક્તિને વધારનાર, વર્ણને સારો કરનાર, બળ આપનાર, અગ્નિને પ્રદીપ્ત કરનાર, દસ્તને રોકનાર, અને વાયુ, પિત્ત, લોહીનો બીગાડ, ક્ષય, અરશ, અરદીતો વાયુ, તથા ઉધરસને મટાડનાર છે. બાળકને વાસ્તે તથા વૃદ્ધને વાસ્તે પણ માખણ હિતકારી અને તેમા બાળકને તો અત્યંત અમૃતરૂપ છે.

गव्यं घृतं विशेषेण चक्षुष्यं वृष्यमग्नि कृत्
स्वादुपाककरं शीतं वातपित्तकफापहम् ॥
मेधालावण्यकान्त्योजस्तेजोवृद्धिकरं परम् ।
अलक्ष्मीपापरक्षोघ्नं वयसः स्थापकं गुरु ॥
बल्यं पवित्रमायुष्यं सुमङ्गल्यं रसायनम् ।
सुगन्धं रोचनं चारु सर्वाज्येषु गुणाधिकम् ॥

(ભાવ. પ્ર)

અર્થ—ગાયનું ઘી વિશેષે કરી નેત્રને હિતકારી, મૈથુનશક્તિને વધારનાર અગ્નિને પ્રદીપ્ત કરનાર પાકમા મધુર, ટાઢુ, વાત, પિત્ત તથા કફને મટાડનાર, બુદ્ધિની, લાવણ્યની, કાંતિની, સામર્થ્યની તથા તેજની બહુ વૃદ્ધિ કરનાર, અસપતિ ને દોષ આદિને ટાળનાર, જુવા-

નીને સ્થિર રાખનાર, ભારે, બળ આપનાર, પવિત્ર, આયુષ્યને વધારનાર, મંગલરૂપ, રસાયન, સુગંધયુક્ત, રૂચિ ઉપજાવનાર, સુંદર અને ઘીની સઘળી જાતોમા શ્રેષ્ઠ છે.

गोमूत्रं कटु तीक्ष्णोष्णं क्षारं तिक्तं कषायकम् ।
लघ्वग्निदीपनं मेध्यं पित्तकृत्कफवातहृत् ॥
शूलगुल्मोदरानाहकण्डूाक्षिमुखरोगजित् ।
किलासगदवातामबस्तिरुक्कुष्ठनाशनम् ॥
कामश्वासापहं शोथकामलापाण्डु रोगहृत् ॥
कण्डू किलासगदशूलमुखाक्षि रोगान्
गुल्मातिसारमरुदामय मूत्र रोधान् ।
कासं सकुष्ठजठर क्रिमि पाण्डु रोगान्
गोमूत्रमेकमपि पीतम पा करोति ॥
सर्वेष्वपि च मूत्रेषु गोमूत्रं गुणतोऽधिकम् ।
अतोऽविशेषात्कथने मूत्रं गोमूत्रमुच्यते ॥
प्लीहोदर श्वासकासशोथ वर्चोग्रहापहम् ।
शूलगुल्मरुजानाहकामला पाण्डुरोगहृत् ॥
कषायं तिक्ततीक्ष्णं च पूरणात्कर्णशूलनुत् ॥

(ભાવ પ્ર.)

અર્થ—ગોમૂત્ર તીખું, તીક્ષ્ણ, ગરમ, ખારૂં તુરૂં, હલકું, અગ્નિને પ્રદીપ્ત કરનાર પવિત્ર, પિત્ત કરનાર, અને કફ, વાયુ, શુળ, ગોળા,

પેટનું ચડવુ, ચળ, નેત્રના રોગ, મ્હોડાના રોગ, કોઢ વાયુ સબંધી આમ, પેડુના રોગ ઉધરસ, શ્વાસ, સોજા, કમળો, તથા પાડુ રોગને મટાડનાર છે. ગોમૂત્ર પીવામા આવે તો એકલુજ ચળને, કોઢને, શૂળને, મ્હોડાનાં દરદોને, નેત્રના દરદોને, ગોટાને, અતિસારને, વાયુ સબંધી રોગોને, મૂત્રના અટકાવને ઉધરસને, પેટના રોગને, કૃમિઓને અને પાડુ રોગને ટાળી નાખે છે સઘળા મૂત્રોમા ગોમૂત્ર અધિક ગુણોવાળુ છે એટલા માટે જ્યા અમુકનું મૂત્ર એમ ના લખ્યુ હોય ત્યા મૂત્ર લખવાથી ગોમૂત્ર સમજવું. ગોમૂત્ર તૂરૂ, કડવુ, તીક્ષ્ણ, કાનમા રેડવાથી કાનના શૂળને મટાડનાર અને બરોલનુ દરદ, પેટના દરદ, શ્વાસ, ઉધરસ, સોજા, દસ્તની કબજીયત, શૂળ ગોટાનું દરદ, પેટનું ચડવું, કમળો તથા પાડુ રોગને ટાળનાર છે.

गवां कषायतिक्तं च हिध्माश्वासहरं शकृत्

(આયુર્વેદ બૃહદ વાગભટ્ટ)

અર્થ—ગાયનું છાણ કસાય, અને તિક્ત રસવાળુ હોઇ હેડકી અને શ્વાસનો નાશ કરે છે.

गोमूत्रं गोमयं क्षीरं दधि सर्पि स्तथै वच ।
समं योजित् मेकत्र पंचगव्यमिति स्मृतं ॥
पंचगव्यं देहशुद्धि करं कफ विनाशनम् ।
अजीर्णापस्मृति ज्वर भूत बा ग्रन्च नाशयेत ॥

(આયુર્વેદના ચાયુર્વેદ અન્ય શાસ્ત્રો.)

અર્થ—સરખા વજને ગાયનું છાણ, દૂધ, દહીં, ઘી અને મૂત્ર એકઠુ કરે તે પંચ ગવ્ય કહેવાય છે. તેવડે સ્નાન કરવાથી અને તેનુ

પાન કરવાથી શરીરમાંના મલીન સત્વોનો નાશ કરી શુદ્ધ તત્વોનો વધારો કરે છે, અને દેહનાં જીવન તત્વોને બળ આપે છે, બુદ્ધિને નિર્મળ કરે છે. અને કફનો નાશ કરે છે. વળી અજીર્ણું તેમજ માનસિક અને શારીરિક દોષોથી પ્રગટ થએલા અપસ્માર (વાઈ) અને જ્વર વગેરે વ્યાધિઓને મટાડે છે, તથા મલીન સત્વો અને જંતુઓથી થતી પીડાઓને શાન્તિ કરે છે.

गोरोचना हिमा तिक्ता वश्या मङ्गल कान्तिदा।
विषा लक्ष्मी ग्रहोन्माद गर्भस्राव क्षता स्रहृत्॥

(ભાવ પ્ર.)

અર્થ—ગોરોચન ટાઢી, કડવી, વશ્યકારક, મંગળકારક અને કાન્તિ આપનાર. ઝેર, અસપત્તિ, ગ્રહનું સ્થળાતર થવાથી હવામા થતા વિકાર, ઘેલછા, ગર્ભસ્રાવ, ક્ષત તથા રૂધિરના દન્દને મટાડનાર છે.

બ્રહ્મો સમાજીક અને સુધારક મતના કલકત્તાના સુપ્રસિદ્ધ ડોકટર બાબુ નવરત્ન સરકાર એમ. ડી. એમણે પ્રસિદ્ધ કર્યું છે, કે હિન્દુ લોકો ગાયના મૂત્ર, છાણને પવિત્ર માને છે, અને તેનો ઉપયોગ દેહ શુદ્ધિ તથા ચારે તરફ ગ્રહ શુદ્ધિમાં અને પુજા કરવાની, યજ્ઞ કરવાની, રસોઈ કરવાની જગ્યા શુદ્ધ કરવામા કરે છે તેને કેટલાક નવિન શિક્ષિત વર્ગ હસી કહાડે છે પણ તે ઘણુંજ ઉત્તમ છે કેમકે તપાસ કરતા જણાયુ છે કે આજકાલ હવાની શુદ્ધિ તથા રોગ જન્ય જતુઓનો નાશ કરવા માટે કાર્બોનિક એસીડ, ફિનાઈલ વગેરે પદાર્થો વ૫રાય છે પણ તે ગોમયની બરોબરી કરી શકતાં નથી. વળી જુઓ શીતળ (બળીયા) ટાકવામા ગાયનોજ ચેપ ઉપયોગમા લેવાય છે

धनुः शतं परीहारो ग्रामस्य स्यात्समन्ततः
शम्यापातास्त्रयो वापि त्रिगुणो नगरस्य तु ॥

(મનુસ્મૃતિ. શ્લો. ૨ ૭)

અર્થ—ગામની આસપાસ સો ધનુષ એટલે ૪૦૦ ચારસો હાથ જેટલી અથવા તો ત્રણ લાકડીઓ ફેંકીએ અને તે જેટલે દૂર જાય તેટલી જગ્યા રાજાએ ગૌચારાને માટે રાખવી અને નગરની આસપાસ ઉપરના કરતાં ત્રણ ગણી જગ્યા રાખવી.

ગાયોના પોષણ માટે તે ગામની હદમા ગમે ત્યા ગોચરજમીન રખાય તો પોષણ થઇ શકે પરતુ મનુએ ગામની ચારે તરફ ગોચર જમીન રાખવા ફરમાન કર્યું છે તેનો હેતુ જૂદો હોવો જોઇએ અને તે એ કે ગાયો ચરવા ફરે એટલે ગોમય, મૂત્ર અને તેના શરીરમાથી નીકળતા અણુઓ ગામની આજુ બાજુની હવા શુદ્ધ કરે જુઓ હાલના સમયમા પણ ડોકટર વગેરેના અભિપ્રાયથી ઉકરડા, જાજરૂ વગેરેની જગ્યા ગામથી બસેવાર દૂર મુકરર કરવામા આવે છે આના કરતા પણ કંઇક વધારે જગ્યાની હવા શુદ્ધ રાખવાનો હેતુ સમાએલો છે કે જેથી ગામમાં રોગના ઉપદ્રવ થાય નહીં.

ઉપરની બધી બાબતોનો વિચાર કરતા સમજાય છે કે જેને આંગણે ગાય હોય તેને ત્યા અને ગામની મોટાઇના પ્રમાણમા ગામની આજુબાજુ ગાયો ફરતી રહે તો ગાયથી ઉત્પન્ન થતા પદાર્થો તથા તેના શરીરમાંથી નીકળતા અણુઓ એટલુ બધુ કાર્ય કરે છે કે કોઇ પણ જાતની પીડા ઉદ્ભવ પામતી નથી અને મરી જાય છે ત્યારે પણ ચર્મ, હાડકાં વગેરે કોઇ પણ ભાગ તેનો માણસો નકામો ગણતા નથી માટે આપણા પૂર્વજો, ઋષિ, મુનિઓ વગેરે ગાયનુ પાલન કરતા હતા.

હાલ આપણે ગોપાલન તરફ બિલકુલ ધ્યાન આપતા નથી, તેથી આપણી દિવસે દિવસે અવનતિ થતી જાય છે અને આપણી આબાદીના સાધનોનો તદન નાશ થતો જાય છે. આપણે ગાયનુ પાલન કરવુ છોડી દીધેલુ હોવાથી ગાયોને અનેક પ્રકારના દુખો સહન કરવા પડે છે ગાયના દુખ સંબધે નીચે પ્રમાણે ઉક્તિ છે

(દશા આ શી થઇ મારી એ રાગ.)

ધુરંધર ધીર જુઓ ધારી, પીડાય ગૌ આ મહાભારી,
વિમાસી મુખ પોકારી, બિચારી ગાય લાચારી. ધુરંધર ૧

સાખી.

ચારા કાજ ફરતી ફરે, ઘર ઘર દુર્બળ ગાય,
પડે ત્રાસ મોઢું ભરે, માર બધાનો ખાય
પડે બહુ દુ:ખ તે માટે, જુરે જઇ વાટમા ઘાટે,
નિવારો દુ:ખનો ભારો, સડયો સૂકો નીરો ચારો ધુરંધર ૨

સાખી.

હાડ તણું પિંજર દિસે, કુવા નેત્રની માય;
પાય ધરી અમળાઇ પડે, નીર નેત્ર વહે જાય.
ભાળી આ દુ:ખ દયા ધારી. જીવાડો ગાય ગુણકારી,
મનુષ્યનો ધર્મ વિચારી, ધની ધન વાપરો ભારી, ધુરંધર ૩

સાખી.

ગરીબ ગૌમાતા તણી, હરીજન લ્યો સંભાળ;
ખડ પાણી અર્પો ભલા, દાના દીન દયાળ.
સ્વીકારો સેવ છે સારી, સમય બળવાન લો ધારી,
ખુટે નહિ ધન ઉપકારી, નદીનું નીર વહે દહાડી. ધુરંધર. ૪

રાગ નામ દમણનો.

"મારૂ માણેકડુ રીસાયું રે શામળિયા" એ ઢાળ.

૨ક ગાયોનો સુણજો પોકારરે—સૌ લોકો.
અવાચક પર આશા પ્રહારરે—સૌ લોકો.

પ્રાણી માત્રમા ચૈતન રૂપે, આત્મા સઉનો સરખો,
વાત પ્રત્યક્ષ એ વીસરી જઇને, હિસા થવા દેઈ હરખોરે. સૌ લોકો ૧
ડાકટર જ્યારે નસ્તર મૂકે, દુ:ખ લાગે મૃત્યુ જેવુ,
કહો ગાયને કાપ્યાથી તેને, દુ:ખ થતુ હશે કેવું રે? સૌ લોકો ૨
પય વિના ખુન માટે જગમા દેહાત દડ દેવાએ;
કાદો કાપી કંદ ખોળે તે, કહો કાદો શો કહાડેરે સૌ લોકો ૩
પુષ્ટિ સ્વાદના નિમિત્ત બતાવી, શોધે લોક જે સત્વ,
તેથી અધિક વનસ્પતિમા ને, અન્ન, દૂધમા છે તત્વરે. સૌ લોકો. ૪
તન બળ ને વળી બુદ્ધિ બળે જે, મેહાજન જગમાં કહાવે;
વનસ્પતિ ફળાહાર વડે તે, નીજ નિર્વાહ ચલાવે રે. સૌ લોકો ૫
અધ દિવસના આહારના અર્થે, જીંદગી લેવાય છે આખી,
કોણ દુષ્ટે આવી બુદ્ધિ જનોની, છેક ભ્રષ્ટ કરી નાખી રે, સૌ લોકો ૬
દુકાળ મરકી દૈવ કોપે કરી, શિક્ષા દીસે પ્રભુ દેતો,
તોય બધે દુષ્ટ દુનિયાના લોક, કેમ હજી નવ ચેતેરે સૌ લોકો ૭

આપણને પરમ સુખ આપનાર મનુષ્યના જીવનના આધાર રૂપ ગૌમાતાને આવી દુ:ખી દશામાં મૂકવી એ કોઇ રીતે વાસ્તવિક નથી, કારણ કે ગાયને પાળવાથી નીચે મુજબ ફાયદા છે.

હરીગીત છંદ.

સ્મૃતિ સનાતન કાળથી, ધરનારી જેહ ધિરત્વને,
વરસાવનારી વળી વડી, વસુધા વિષે જ વીરત્વને;

પ્રસવે પશુ સુત જે પુરા, બલિવર્દ ! ભૂમિ ભય હરે,
હતભાગી એવો !! કોણ, તે નહિ સુરભિનુ સેવન કરે ! ૧

અતિયોગિ–રોગી–વિયોગિ, એ પાલન કરણ પંથે વળ્યા,
પડતા પ્રહારો પાદુના, સદ્‌ગ્રંથમાં સાક્ષી રહ્યા;
સ્તવનાદિ પણ જેના અહો નિશ, અંતરે ગુણ ઉચરે,
હત ભાગિ એવો !! કોણ, તે નહિ સુરભિનું સેવન કરે ! ૨

નવકોટિ નંદ સ્વચ્છ કેરા, વૃંદમાં વ્રજચંદ !! રહી,
ગણના કરી ગુણ ગાયના, ગુણવંત જોડી કર ગ્રહી;
દિનરાત કર્યું દાસત્વ, હોય ન સત્વ તો શીદ પૂઠ ફરે,
હત ભાગિ એવો !! કોણ, તે નહિ સુરભિનું સેવન કરે ! ૩

તૃણ ખાય તો એ તેનું તન, તત્વો રૂડાથી તર ઠર્યું,
પદ પુચ્છ–તુચ્છ પવિત્ર ને, મળ મૂત્ર પણ મહતા ભર્યું;
પય પ્યારૂં પોષણ કારી જે, અતિ વીર્યની વૃદ્ધિ કરે,
હત ભાગિ એવો !! કોણ, તે નહિ સુરભિનુ સેવન કરે ! ૪

શિશુ સાથ બહુ સ્નેહાળને, પશુમા સ્વભાવે રાંકડી,
પરમારથે નિજ પ્રાણનું, બળિદાન દેવા બાંકડી;
એવી પ્રતાપી ગાય જે, સૃષ્ટિ તણાં સંકટ હરે,
હતભાગિ એવો !! કોણ, તે નહિ સુરભિનું સેવન કરે. ૫

દ્દઢ ધર્મબળ ધરનાર, અત્રી, અંગિરા, બળિ, આગ્રહી,
રઘુ, રહુગણ, રસરજ જેની, ચરણ રજ લેતા ચહી,
પુરુવશી પુરૂષોએ અને, પૂજી પુલસ્ત્ય પરાશરે !
હત ભાગિ એવો !! કોણ તે, નહિ સુરભિનું સેવન કરે. ૬

યા ગાદિના અધિકારીઓ, હજી પણ યજે ગણીને હિતુ,
કરી ગધ અક્ષત કરથી, પાદોદક પીતા ચહાતા પિતૃ;

શુભ વાસના વાળા જનો જે, શાન્તિકાર ચિત્તે સ્મરે,
હત ભાગિ એવો ! ! કોણ તે, નહિ સુરભિનું સેવન કરે.   ૭

મારા વહાલા મિત્રો ! સમુદ્ર મથન સમયે જે ચૌદ રત્નો નીકળ્યા હતા, તેમા જગદુદ્ધારીણી ગૌમાતા પણ નીકળ્યા હતા. આ ગૌમાતા ચૌદ રત્નોમાનું એક રત્ન છે, અને એ રત્નમા એટલુ બધુ સામર્થ્ય છે કે એજ અંધારામા અજવાળુ કરી શકે છે. મનુષ્ય માત્રનું જીવન અને દેશની આબાદીનો ખરો આધાર ગાય જ છે. કેમકે ગાયથી ઉત્પન્ન થતી વસ્તુની બિલકુલ જરૂર ના પડતી હોય, એવો કોઇ મનુષ્ય હશે નહીં આવી જરૂરની જે ગાય તેનો બચાવ નહી થાય, તો હજુ ઘણી કંગાલ સ્થિતિ થઇ જશે કેમકે તમે ગમે તેટલા સુધારા કરો, ગમે તેટલા કળાકૌશલ્ય વધારો, ગમે તેટલી વિદ્યા શીખો, જોઇએ તો ધર્મોપદેશક થાઓ, ડોક્ટર થાઓ, બારીસ્ટર થાઓ, કે ઇજીનીયર થાઓ, પણ ખાવાને અન્ન કે દૂધ નહીં મળે, તો તમારી બધી વિદ્યા નકામી થઇ પડશે માટે પ્રથમ તમારે પેટનું પોષણ કરવાનાં સાધનો વધારવા જોઇએ ને સાધનોમા મુખ્ય સાધન ગાયનું રક્ષણ છે કારણ કે ગાયના રક્ષણથી સારા બળદ ઉત્પન્ન થશે, અને તેથી ખેતી સારી થઇને વધારે અન્ન પાકશે. તેના વડે આપણે આ- આપણું ગુજરાન કરી સુખી થઇશું.

આપણા દેશમા ગોધન ધીરે ધીરે ઓછું થાય છે, તેનો તમે વિચાર કર્યો નહીં હોય, તેથી વખતે સમજાયુ નહીં હોય, પણ પ્રથમ વણઝારાની પોઠોના હજારો બળદ હતા, અને માલ લઇ જવા લાવવામાં હજારો બળદ રોકાયલા હતા, ત્યારે બળદ સોઘા મળતા હતા, પણ હવે તેવા કામમાં રોકાવાનું ઓછુ થયું છે, એટલે ઘણા જ સોઘા થવા જોઇએ, પણ ઘણાજ મોંઘા થયા છે, ત્યારે એ વધારાના બળદ ક્યાં ગયા ?

પુના એગ્રીકલ્ચર ખાતાના અમેરિકન પ્રોફેસર મી. જે. બી. નાઈટ એમ. એસ. સી પણ ગાયનું રક્ષણ કરવાને પોકારીને સુચવે છે, અને ગાય પ્રત્યેનો પોતાનો માયાળુ અભિપ્રાય જણાવે છે, "હું એક અમેરિકન ડેરી મેન (દહીં, દૂધ વગેરેનો ધંધો કરનાર) અને ઢોરોને ઉછેરનારનો છોકરો છુ, અને નાનપણથી ઢોરોની સાથે ધાડા સંબંધમા છુ હુ હમેશ કુતરા અને ઘોડા જેઓ વહાલા ગણાય છે, તેના કરતા ગાયોને વધારે પસંદ કરૂં છુ મને પાચમુ વર્ષ બેઠુ એટલે તેજ દિવસે જન્મ પામેલું વાછરડુ મને ભેટ મળ્યું હતું. તેમ છતાં હાલ મને યાદ આવે છે કે તે વાછરડાની સારી બરદાશ ચાકરી કરી અને તે ઉમરમા આવીને ગાય થાય ત્યા સુધી બરાબર સંભાળ રાખી તે વાછરડાને હુ મારા દોસ્ત તરીકે ચહાતો હતો, અને તેથી હુ ધારૂં છું કે મારો ઢોરોની જાત પ્રત્યે વધારે પ્યાર ઉત્પન્ન થયો, તે બીજી કોઇ પણ વસ્તુ કરતાં ગાયો ઉપરની પ્રીતિને આભારી છે, તેથી કરીને તમને સમજ પડશે કે આ બાબત ઉપર હું સમભાવિક મન રાખું છુ." વળી તે ગૃહસ્થ લખે છે કે "સને ૧૮૮૮ ની સાલમા મુંબાઈ ઇલાકામાં ૩૧ લાખ બળદ અને ૧૮ લાખ ઉછરતી ગાયોની સંખ્યા હતી. આ સંખ્યામા દર વર્ષે ઘટાડો થતાં થતા સને ૧૯૦૬ ની સાલમાં પચીસ લાખ બળદ અને અગીયાર લાખ ગાય રહી હતી એટલે ફક્ત એક જ ઇલાકામા અઢાર વર્ષમાં છ લાખ બળદ અને સાત લાખ ગાયોનો ઘટાડો થયો હતો તો આખા હિંદુસ્તાનમા કેટલો ઘટાડો થયો હશે તેનો વિચાર કરો? આમ થવાથી પ્રથમ વીસ પચીસ રૂપિયામા જેવો બળદ મળતો હતો, તેવો અત્યારે દોઢસો રૂપિયા આપતા પણ મળતો નથી, તેથી ઘણા ખેડુતો તૂટે છે, અને જમીન ખેડયા સિવાય પડતર રહે છે ને જે જમીન ખેડાય છે, તે સારા બળદ નહીં

હોવાથી સારી કેળવાતી નથી માટે અનાજનો પાક ઘણોજ ઓછો ઊતરે છે તેથી અને બીન કાળજીને લીધે ગાયની ઓલાદ ઉતરી ગઇ તથા ગાયની અછત થઇ માટે જે અનાજ પ્રથમ રૂ ૧) નુ બે મણ ત્રણ મણ મળતું, તે અત્યારે બે અઢી રૂપિયે મળે છે, અને રૂ ૧)નું જે ઘી પાચશેર સાતશેર મળતું. તે દોઢ શેર મળે છે. અનેગામડામાં તપાસ કરતા જણાય છે કે જે ખેડુતો ઉપર બીજી પ્રજા તથા રાજા વગેરેને આધાર છે. તે ખેડુતોની ચોથા ભાગની વસ્તી પણ જાતે પકવેલા અનાજથી ભાગ્યે જ ગુજરાન ચલાવતી હશે ત્રણ ભાગની વસ્તીને તો અનાજ લેવાની મોસમ પૂરી થતાની સાથે જ વેપારીને ઘેરથી લાવીને જ ખાવાની જરૂર પડે છે, એટલે જો વેપારી ધીરે તો બાળ બચ્ચા અનાજ દેખે, તે પણ પૂરેપૂરૂ નહીં. તેમને હમેશ સારા વર્ષે પણ ભૂખમરો ભોગવવો પડે છે, આવી સ્થિતિવાળા ખેડુતોની પ્રજા કેવી બલિષ્ઠ પાકવાની તે વિચારવા જેવુ છે હજુ ચેતીને ગાયનુ રક્ષણ નહીં કરીએ, તો ઘણોજ ભૂખમરો વેઠવા વખત આવશે.

કોઇને એમ લાગતું હશે કે ભેસ મીઠુ ને ઘણું દૂધ, ઘી આપે છે તેને પાળીએ, ને યત્રથી ખેતી કરીએ તો કેમ? તો તે સંબંધમાં એટલું જણાવવાનું કે ગાયનુ દૂધ ભેંસના દૂધ કરતા વખતે કઇક મોળુ લાગતું હશે, પણ તેમા અલૌકિક ગુણ રહેલા છે ગાય પણ કોઈ કોઇ ઠેકાણે આઠ શેર દશ શેર દૂધ આપનારી તથા દોઢશેર બે શેર ઘી કરનારી મળી આવે છે, અને સિંધમાં કોઇ કોઇ ઠેકાણે સારી ગાય પંદર શેર સૂધી દૂધ આપે છે, વળી યૂરોપખંડ વગેરે ઠેકાણે જ્યા સારી માવજત તથા સારી ઓલાદ લેવા કાળજી રખાય છે, ત્યા અર્ધો મણ કે પચીસ શેર દૂધ આપનારી કેટલીક ગાયો મળી આવે છે, અને તેના બચ્ચાની ઉપજ પણ ભેંસનાં બચ્ચા કરતાઘણીજ થાય

છે, માટે આપણામા જુની કહેવત ચાલે છે કે ‘ સંપત હોય થોડી તો રાખ ગાય કે ઘોડી ’ પણ આપણી નજરે ગાય થોડું દૂધ, ઘી આપનારી દેખાયછે, તેનું કારણ એટલુ જ છે કે ગાય આપણે દરેકે ઘેર પાળવી ઓછી કરી, એટલે લાખો ગાયો કસાઇઓના હાથમા જાયછે. તે પૈકી સારી નિરોગી લાખો ગાયનો વધ થાય છે, અને રોગી ગાયો રહે છે. વળી માવજત થતી નથી, અને પૂરો ઘાસ ચારો મળતો નથી, અને ઓલાદ (વેલો) લેવાને તદ્દન બીનકાળજી રખાય છે, માટે ઓલાદ ઉતરી ગઇ છે, તે સિવાય બીજુ કંઇ પણ કારણ જણાતુ નથી. તો પણ વિચાર કરીને હિસાબ ગણી જોશો તો જણાશે કે ભેંસ કરતાં ગાયમા વધારે ફાયદો રહેલો છે, કેમકે એક ભસના પોષણમા ઘાસચારા વગેરે માટે જેટલો ખર્ચ થાય છે, તેટલા ખર્ચમા હાલની નાની બે ગાયોનુ પોષણ સારી રીતે થઇ શકે છે; એટલે એક તરફ બે નાની ગાયની અને બીજી તરફ એક ભેંસની ઉપજનો હિસાબ ગણતા દૂધ, ઘીની લગભગ સરખી ઉપજ થશે, તે ઉપરાંત એક ભેંસને ત્રણ વર્ષમાં બે પાડીઓ આવે તો દશ કે વીશ રૂપિયા ઉપજ થાય, પણ બે ગાયના તો ત્રણ વર્ષમા છ બચ્ચાં થાય, તેની ઉપજ ઓછામા ઓછી પોણોસો રૂપિયા થાય, એટલે ગાયની ઉપજ આગળ પડે છે. વળી આપણા પૂર્વજો ગાયજ પાળતા હતા, અને વેદમા ભેંસ જનાવર જાણવામા આવતું નથી, પણ પછળથી ભેસ એ જંગલી જનાવર છે તેને પ્રથમ અનાર્ય લોક રાખવા મડયા હતા, એમ સમજાય છે. વૈદક શાસ્ત્રમા ગાયનું દૂધ, ઘી વગેરે વાપરવા આજ્ઞા કરેલી છે, તેથી ઘણા વૈદ્યો અને હકીમો ગાયના દૂધ, ઘી વગેરેનું સેવન કરાવી ભયકર રોગો મટાડી શકે છે, અને આજારી તથા અશક્ત લોકોમાં સેંકડે ૮૦ કેસમાં ગાયના

દૂધનીજ ભલામણ કરે છે વળી ડૅાકટરો પણ દૂધના બહુજ વખાણ કરીને તેને જીવન વધારનાર ઊત્તમ પદાર્થ ગણે છે, અને દૂધ સિવા-યના ખોરાકથી જીવનમા પ્રાણ તત્વ સંપૂર્ણ અંશે મળતું નથી એમ માને છે. પણ આજ કાલની સ્થિતિ તપાસીએ તો જે દૂધમા જીવન તત્વર સહેલું છે, તે દરેકને દરરોજ સાધારણ રીતે બે શેર ત્રણ શેર મળવું જરૂરનુ છે, તેને ઠેકાણે અધોળ નવટાક દૂધ ચા વગેરેમા થઇને મળતુ હશે, તે પણ દરેકને નહી. આમ થવાથી આપણા લોકોનુ આયુષ્ય ઘટે છે અવલોકન અને અનુભવથી એવુ સાબિત થયું છે, કે ગરીબ લોકોને ભલે બાજરી કે જારનો રોટલો મળે, પણ જો તેમને નિત્ય થોડુ દૂધ છાશ દહીં, મળી શકે, તો તેના શરીરના પોષણને લાયક બધા તત્ત્વો સાથે પ્રાણ તત્ત્વ પણ મળી શકે છે. પણ એકલા બાજરી, જારના રોટલાથી ગરીબ લોકનુ અ-ડધુ પડધુ પેટ ભરાય છે ને તેમને પ્રાણતત્ત્વ મળતુ નથી ગાયનુ દૂધ ખાનાર ભરવાડ લોકોના શરીર બધારણ તથા આયુષ્ય ઉપરથી હાલ પણ ખાતરી થશે. વળી યજ્ઞયાગાદિક શુદ્ધિ વગેરેમા પણ ગાયનુ દૂધ, દહી, ઘી, મૂત્ર, છાણ, વગેરે વાપરવા શાસ્ત્રોમા આજ્ઞા કરેલી છે તેની સાથે ગાયના દૂધ, દહીં, માખણ, ઘીનો ખોરાક મનુષ્યની શક્તિઓને પવિત્ર, તીવ્ર અને ચંચળ કરે છે. તેના પ્રતાપે આપણા પૂર્વજો દીર્ઘ વિચાર કરીને શાસ્ત્રો રચી શક્યા છે અને અનેક શોધખોળો કરી શક્યા છે, કે જેના તરફ સર્વ સુશિક્ષિત પ્રજા ઘણા માનની દૃષ્ટિથી જુએ છે વળી આપણો હિંદુસ્તાન વિદ્યા હુન્નર, કળાકોશલ્ય, વગેરે બાબતોમા આખી દુનિયાપર વિજય મેળવી રહ્યો હતો તે જ્યા-રથી ગાયનું દૂધ, ઘી ખાવું ઓછું કરીને ભેસનુ ખાવા માડ્યુ, ત્યા-

રથી ઉતરવા માંડીને અત્યારે તદ્દન પછાત પડી ગયા છીએ કેમકે જેવો આહાર તેવી બુદ્ધિ અને વૃત્તિ થાય છે. માટેજ બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્યને સાત્વિક ખોરાક લેવા આજ્ઞા કરેલી છે, તે પ્રમાણે નહીં વર્તતા જેનું દૂધ ઘોડીના બચ્ચાને પણ પાઇ શકાતું નથી, જો ભૂલે ચુકે પણ પાવામા આવી જાય તો તે બચ્ચુ ભેંસની માફક પાણી દેખીને બેશી જાય એમ ઘોડા ઉછેરનાર લોક માને છે. તેવી કનિષ્ઠ ભેંસથી ઉત્પન્ન થએલા પદાર્થ ખોરાકમા લઇએ છીએ, તેથી આપણી ખરાબી થઇ છે, કેમકે નઠોર અને કનિષ્ઠ જનાવર જે ભેંસ તેનુ દૂધ, ઘી ખોરાકમા લઇએ એટલે આપણી શક્તિઓ નઠોરતાને પામીને બહેર મારી જાય, તેથી દીર્ઘ વિચાર થઈ શકે નહીં, એ સ્પષ્ટ છે આવુ સમજીને આપણા પૂર્વજો ગાય પાળતા હતા તથા હાલમા પણ યુરોપ, અમેરિકા, જાપાન, આફ્રિકા વગેરે ઠેકાણે દૂધ, ઘી માટે ગાયજ પાળે છે તેથી યુરોપ, અમેરિકા, જાપાન વગેરે અત્યારે જાહોજલાલી ભોગવે છે, અને નવી નવી શોધો કરી શકે છે માટે ગાય પાળીને તેનુ દૂધ, ઘી વગેરે ખોરાકમા લેવુ એ ફળદાઇ છે આપણે અહીં યંત્રથી ખેતી થઇ શકે એવા મોટા સરખા ખેતરો નથી, તેમજ મોટી મૂડી રોકવાની જરૂર પડે, તે રોકવાની શક્તિ નથી, તેની સાથે ગાય, બળદ ઓછા થવાથી તેનુ મૂત્ર, મળ ખાતરના ઉપયોગમા લેવાય છે તેની ખોટ પડીને ખેતીને નુકશાન પહોચશે એ નિર્વિવાદ છે કેમકે હાડકા તથા મનુષ્ય મળ, મૂત્ર ઈત્યાદિને ખાતર તરીકે વાપરવાને ખમચાઇએ છીએ. તેમ રસાયનિક ખાતરની આપણને માહિતી નથી તેથી તે વાપરી શકવાના નથી, માટે યંત્ર હાલમા ફળદાઇ નથી.

હવે તમને શંકા થતી હશે કે આપણા દેશમા ભેસ કેવી રીતે પાળવામા આવી હશે? તે સંબધમા એટલુંજ કહેવાનુ છે, કે જેમ હાલ પંજાબ વગેરે કેટલેક ઠેકાણે ભૂંડને પાળી તેના દૂધ, ઘીની પેદાશને મનુષ્ય પોષણના કાર્યમા ઉપયોગ કરે છે, તેમ પ્રથમ ભેંસને જંગલી અનાર્ય લોકોએ પાળવા મંડેથી, ત્યાર પછી દેખાદેખી ધીમે ધીમે બીજી પ્રજાએ પણ પાળવા માંડી

ગાયથી થતા ફાયદા તરફ આપણે દુર્લક્ષ રાખ્યુ. અને ખોટી ખોટી લાલચો તરફ દોરાયા તેથી આપણી કગાલ સ્થિતિ થવા પ્રસંગ આવ્યો છે, અને જે દેશ શ્રેષ્ઠતા ભોગવતો હતો તે અત્યારે કંઈ ગણતરીમા રહ્યો નથી. આમ થવાનુ મુખ્ય કારણ આપણે મહત્વની ભૂલ કરી તેજ છે, અને તે એ કે ગાયને આગળ રાખવી ઓછી કરીને ભેંસથી ઉત્પન્ન થતુ દૂધ, ઘી ખોરાકમા વાપરવા માંડયુ તેથી આપણી દૃષ્ટિ ટુંકી થઈ, અને નઠોરતા પામ્યા, તથા બળદ ઓછા થયા, ને જે થાય તે નબળા થાય છે. તેથી જમીન કેળવાય નહીં માટે અનાજ વગેરેનો પાક ઓછો થવા લાગ્યો. તેથી સખત મોંઘવારી ભોગવવી પડે છે. જો હજુ નહીં ચેતાએ તો પચીસ વર્ષ સુધીમા તો તદ્દન ભૂખમરો વેઠવા વખત આવશે, કેમકે એક ગાયને પાળીએ અને તેના વંશના બધા બચ્ચા જીવતા રહીને વીઆતા આવે, અને તેનો જે પરિવાર થાય, તેમા અર્ધા વાછડા અને અર્ધી વાછડીઓ થાય, એમ માનીએ અને બચ્ચાને ધવરાવતાં દરરોજ સાંજ સવારનું મળીને દૂધ શેર ૬ પ્રમાણે ૭ માસ સુધી આપે ને દર બળદ સરેરાશ પદર વીઘાં જમીન ખેડે, તેની બળદના ભાગની પેદાશ દર વીઘે મણુ ૪) ગણીએ તો દશ વર્ષમા નીચે પ્રમાણે ઉપજ થશે.

વર્ષ	વીઆતી ગાયોની સંખ્યા	વીઆતી ગાયોનાં બચ્ચા. વાછડી.	વીઆતી ગાયોનાં બચ્ચા. વાછડો.	વાછડો ત્રણ વર્ષે ખેતીના ઉપયોગમા લેવાય ત્યારથી તેની ધરડી માને દશ વર્ષ થાય ત્યા સુધીમા કેટલા વર્ષ ખેતીના ઉપયોગમા લેવાય તે વર્ષ.	વાછડાની ધરડી માને દશ વર્ષ થાય ત્યાં સુધીમા વાછડાથી જે જમીન ખેડાય તેમા તેના હિસ્સાનું કેટલા મણ અનાજ નીપજે.	વીઆએલી ગાયો કેટલા મણ દૂધ આપે.
૧	૧	૧	૦	૦	૦	૨૭
૨	૧	૦	૧	૬	૩૬૦	૨૭
૩	૧	૧	૦	૦	૦	૨૭
૪	૨	૧	૧	૪	૨૪૦	૫૪
૫	૨	૧	૧	૩	૧૮૦	૫૪
૬	૩	૨	૧	૨	૧૨૦	૮૧
૭	૪	૨	૨	૧	૧૨૦	૧૦૮
૮	૫	૨	૩	૦	૦	૧૩૫
૯	૭	૪	૩	૦	૦	૧૮૯
૧૦	૯	૪	૫	૦	૦	૨૪૩
	૯	વીઆવાની ૨ વાછડી નાની વાછડી ૮	નાની વાછડી ૮ બળદ ૯		૧૦૨૦	૯૪૫

સમજુતી.

પ્રથમ ગાય એક લીધી, તે વીઆય એટલે પેહેલી સાલે દૂધ મણુ ૨૭) અને એક વાછડી થાય. બીજી સાલે દૂધ મણુ ૨૭ અને એક વાછડો થાય, તે ત્રણુ વર્ષે ખેતીના ઉપયોગ મા લેવાય ત્યારથી છ વર્ષમા અનાજ મણુ ૩૬૦) પકવે. ત્રીજી સાલે દૂધ મણુ ૨૭) અને એક વાછડી થાય. ચોથી સાલે પહેલી સાલની વાછડી વધારાની વીઆય એટલે બે ગાયો દૂધ મણુ ૫૪) આપે તથા એક વાછડીને એક વાછડો થાય, આ વાછડો ચાર વર્ષમા અનાજ મણુ ૨૪૦) પકવે. પાચમી સાલે બે ગાયો વીયાય તે દૂધ મણુ ૫૪) આપે તથા એક વાછડીને એક વાછડો થાય, આ વાછડો ત્રણુ વર્ષમા અનાજ મણુ ૧૮૦) પકવે. છઠ્ઠી સાલે ત્રીજી સાલની વાછડી વધારાની વીઆય એટલે ત્રણુ ગયો દૂધ મણુ ૮૧) આપે તથા બે વાછડીને એક વાછડો થાય આ વાછડો બે વર્ષમા અનાજ મણુ ૧૨૦) પકવે. સાતમી સાલે ચોથી સાલની વાછડી વધારાની વીઆય એટલે ચાર ગાયો દૂધ મણુ ૧૦૮) આપે તથા બે વાછડી ને બે વાછડા થાય, આ વાછડા એક વર્ષમા અનાજ મણુ ૧૨૦) પકવે આઠમી સાલે પાચમી સાલની વાછડી વધારાની વીઆય એટલે પાંચ ગાયો દૂધ મણુ ૧૩૫) આપે તથા બે વાછડી ને ત્રણુ વાછડા થાય, આ વાછડા તેની ધરડી માને દશ વર્ષ પૂના થાય એટલે ખેતીના ઉપયોગમા લેવાય એવા થાય. નવમી સાલે છઠ્ઠી સાલની બે વાછડીઓ વધારાની વીઆય એટલે સાત ગાયો દૂધ મણુ ૧૮૯) આપે, તથા ચાર વાછડી ને ત્રણુ વાછડા થાય. દશમા સાલે સાતમી સાલની બે વાછડીઓ વધારાની વીઆય, એટલે નવ ગાયો દૂધ મણુ ૨૪૩) આપે તથા ચાર વાછડી ને બે વાછડા થાય. અગીઆરમી સાલ બેશતાં આઠમી સાલની બે વાછડીઓ વધારાની વીઆવા તૈયાર

થાય, તે સાથે એકંદર અગીયાર ગાયો, આઠ નાની વાછડીઓ, આઠ નાના વાછડા, નવ ખેતીના ઉપયોગમાં લેવાતા બળદ અનાજ મણ ૧૦૨૦) અને દૂધ મણ ૯૪૫) એકંદર થાય.

ગાય દરેકના	રૂ ૪૦)	ગણીએ તો		૧૧ × ૪૦ = ૪૪૦
વાછડી	,, રૂ ૧૫)	,,		૮ × ૧૫ = ૧૨૦
વાછડા	,, રૂ. ૨૫)	,,		૮ × ૨૫ = ૨૦૦
બળદ	,, રૂ ૭૫)	,,		૯ × ૭૫ = ૬૭૫
અનાજ મણનો	રૂ ૧।	,,		૧૦૨૦ × ૧। = ૧૨૭૫
દૂધ	,, રૂ. ૧॥	,,		૯૪૫ × ૧॥ = ૧૪૧૭॥
				રૂ ૪૧૨૭॥

એક ગાયના વંશમાથી દશ વર્ષમાં કુલ નીપજ.

આ ઉત્પન્નમાથી ગરીબ માણસોને એક વર્ષના પોષણ માટે દરેકને રૂ. ૩૦) વહેંચી આપીએ તો લગભગ ૧૩૮ માણસોનું બાર માસ સૂધી પોષણ થઇ શકે. જેમા આટલી બધી ઉત્પાદક શક્તિ રહેલી છે, તેવી લાખો ગાયો દર વર્ષે વધ થાય છે તેથી કેટલી બધી ઉત્પાદક શક્તિ નાશ પામે છે. તેનો વિચાર કરીશુ તો સમજાશે કે કરોડો મનુષ્યોનુ પોષણ થઇ શકે એટલી નાશ પામે છે. તેથીજ હિંદુસ્તાનને ભૂખમરો વેઠવો પડે છે, અને હજુ વધારે ભોગવવો પડશે તેમા નવાઇ નથી. માટે ગાયનુ પાલન કરવુંજ જોઇએ, અને તેને માટે કોઇને ભારે ના પડે, તેવો સહેલામા સહેલો ઉત્તમ ઉપાય એજ છે કે દરેક ઘેર ઓછામા ઓછી એક એક ગાય પળાય તો, જેમ 'કાકરે કાંકરે પાળ બધાય' અને 'ટીંપે ટીંપે સરોવર ભરાય' તેમ કરોડો ગાયો પાળી શકાશે. એટલે ગાયો કસાઇઓના હાથમાં જવા પ્રસગ આવશે નહી, ને ગૌહિંસા થતી અટકશે; વળી તેનાં

બચ્ચાં વધશે, એટલે બળદ સસ્તા થશે, તેથી ખેતીની આબાદી થશે. અને તેમ થવાથી આપણુને તથા રાજા બેઉને લાભ થશે વળી ગાયના દૂધ, ઘીથી આપણા બાળબચ્ચા ધીરે ધીરે દીર્ઘ દૃષ્ટિવાળાં તથા નિરોગી અને આત્મબળવાળા થશે, જેથી ધીમે ધીમે પ્રાચીન આર્યો જેવી ઉત્તમ સ્થિતિમાં આવી શકીશુ. જ્યાં સુધી મનુષ્ય પોતાની ભૂલ તરફ દૃષ્ટિ કરી શકે નહીં, ત્યા સુધી સુધારો કરીને ફળ મેળવી શકે નહીં. તેમ પોતાની ભૂલ તરફ દૃષ્ટિ નહી કરતાં બીજાઓ ગાય કતલ કરીને પાપ કરે છે, એવુ બોલીને કે તેને લગતા નકામા પ્રયાસ કરીને નકામી એક બીજા પ્રત્યે વિરૂદ્ધતા જણાવે છે; તેથી કંઇ ફળ મેળવી શકાયજ નહી. માટે ઘેર ગાય પાળવાની રીત બંધ કરવામા જે મહત્વની ભૂલ કરેલી છે, તે તરફ વિચાર કરીને સુધારો કરીશુ તો આપોઆપ વિરૂદ્ધતાની લાગણી ઓછી થશે, અને દેશની અધોગતિ થતી અટકાવી શકીશુ.

કોઇના મનમા એમ આવશે કે ગાય ઘેર પાળીએ, તો ગાયની આપ લે કરવી પડે એટલે હિન્દુશાસ્ત્રમાં કહ્યુ છે તે પ્રમાણે ગોવિક્રયનુ પ્રાયશ્ચિત લાગે તેનું કેમ? તે સબધમા એટલુ કહેવાનું છે કે કોઇ ટુકી અક્કલનો ગાય જેવા ઉત્તમ જનાવરને આગણેથી દૂર ખસેડશે, તો તેથી ગૌમાતા તથા આગણેથી કહાડનાર (વેચનાર) મનુષ્યને અનહદ દુ:ખ ભોગવવું પડશે, તેમ નહીં થવા માટે એટલે આગણેથી ગાય નહી ખસેડવા માટે ગોવિક્રયને પ્રાયશ્ચિત ગણેલુ હશે. તેનો અવળો અર્થ લઇ ગાયને રાખવી નહી, જો રાખીએ તો કોઇ વખત ગોવિક્રયનુ પ્રાયશ્ચિત લાગે એવું સમજી બેઠેલા ગાયો નહી રાખવાથી લાખો ગાયોની દર વર્ષે કતલ થાય છે, તેથી પોતાના પગપર કુહાડી મારીને અસંખ્ય રૂપિયાની ઉત્પાદક શક્તિનો નાશ કરીને પોતે દુ:ખી થાય છે, અને બીજાઓને દુ:ખી કરે છે. વળી શાસ્ત્રમા જૂઠું બોલવુ

એ દોષ પાત્ર ગણેલુ છે, પણ જૂઠું બોલવાથી કોઇનો જીવ બચતો હોય તો જૂઠું બોલવા છુટ આપી છે, તેનું કારણ એટલુજ છે કે જૂઠું બોલવાથી જેટલો દોષ લાગે. તેના કરતા જીવ બચવાથી વધારે પુણ્ય લાગશે, એ ઘણું પૂણ્ય થોડા દોષને ઢાંકી દેશે તેમ ગોવિક્રયથી વખતે પ્રાયશ્ચિત લાગતું હશે, તો પણ કરોડો ગાયો ભૂખે મરતી તથા કતલ થતી અટકશે, અને આપણા દેશની આબાદી વધશે તેથી મનુષ્યનો ભૂખમરો પણ મટશે, જેથી અનહદ પુણ્ય લાગશે. એ થોડા પ્રાયશ્ચિતને ઢાકી દેશે.

કોઇને એમ શંકા થતી હશે કે અમે ગાય પાળીએ પણ ગાયના બચ્ચામા વાછડો હોય, તો તેનો બળદ કરાવવો પડે તેનુ કેમ? તે સંબધમા એટલુ કહેવાનું છે કે દરદ પ્રસંગે અથવા ભવિષ્યમાં દરદ ના થાય માટે શરીરને ઈજા ભોગવવી પડે છે, તો પણ હિતસ્વીઓ ભવિષ્યના સુખ માટે ખુશીથી મનુષ્ય શરીરના અવયવોની વાઢકાપ કરાવે છે. અને તેમ કરાવવામા દોષ માનતા નથી, કેમકે તેથી છેવટે સુખ પ્રાપ્તની આશા છે તેવી રીતે બળદ કરવાથી તેના શરીરનું બંધારણ સારૂ થાય છે, અને બળ કાયમ રહે છે, એ ફાયદો છે. એ ફાયદા આગળ તેની પ્રથમની ઇજા કઇ હિસાબમા નથી. છતા પણ બળદ કરાવવામાં તમો દોષ માનતા હોતો હિન્દુશાસ્ત્રમાં (૧) કાયિક, (૨) વાચિક, (૩) માનસિક, એટલે (૧) સ્થુલ શરીર ખોટુ કામ કરે તે, (૨) ખોટુ કરવા બોલીએ તે, (૩) ખોટુ કરવા મનમા વિચાર કરીએ તે, એમ ત્રણ પ્રકારનાં પાપ ગણેલા છે. તે પ્રમાણે કોઇ મનુષ્ય બળદ કરીને લાવે તો આપણે લઇશુ એવો ભાવ રહે તેથી પણ બળદ કરવામા જો દોષ માનતા હોઇએ, તો તેના હિસ્સાના ભોક્તા થવું પડે છે. વળી ધર્મશાસ્ત્ર તથા કાયદામાં પણ ચોરી કરનાર અને ચોરીનો માલ રાખનાર એ બેઉને દોષવાન

ગણેલા છે, તે પ્રમાણે બળદ રાખનાર પણ દોષવાન ગણુય વળી કોઈ બળદ ના રાખે તો બળદ કરવાનુ કે કરાવવાનુ કામ કોઇ કરેજ નહીં. માટે બળદ કરવામા દોષ માનનારને તો આખલો ગખી તેનો ઉપયોગ કરવો એજ ઉત્તમ છે અને આખલાનો ઉપયોગ કરશો તો ખેતીને કે તમોને બીજી હરકત નડવાની નથી. ઘણી જગ્યાએ આ ખલાનો ઉપયોગ કરાય છે, માટે તમોને જે સારૂ લાગે તે કરો

યુરોપખડ વગેરે ઠેકાણે ગાયના બચ્ચા ખેતીના ઉ લેતા નથી, પણ ઘોડા વાપરે છે, પરતુ ઉત્તમ દૂધ, ઘી વગેરે માટેજ ગાયને સારી રીતે પળે છે, અને તેને સારૂ ઘણીજ કાળજી રાખે છે, તેનો હાલ થોડી મુદત ઉપર તાજો દાખલો જોવામા આવ્યો છે તે એવો છે કે બ્રાઝિલમાં જે ગાયો થાય છે તેની ચામડી ઘણી પાતળી હોવાથી, તેને ત્યા કેટલીક હરકતો વેઠવી પડે છે. તેમ નહીં થવા માટે ઓલાદ ફેરવવા સારૂ આપણા દેશમાથી ભારે કીમત ખરચીને સારા આખલાઓને બ્રાઝિલમાં લઇ ગયા છે, અને આપણી ગાયોના જેવી ઓલાદ કરવા પ્રયત્ન થઈ રહ્યો છે. ત્યા જે ગાયો છે, તે ગાયોને પૂરતો ખોરાક અને સારી માવજત રહેવાથી તે આપણી ગાયોના કરતા વધારે દૂધ આપે છે તે પ્રમણે જો આપણી અહીંની ગાયોને પૂરતો ખોરાક મળે, અને સારી માવજત રાખવામા આવે, તથા જેવી ઘોડાની ઓલાદ લેવા કાળજી રખાય છે તેવી કાળજી રખાય તો ઉત્તમ તથા વધારે દૂધ આપનારી થાય, એમા કશો શક નથી. ગોપાલનથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારે પુરુષાર્થ સાધી શકાય છે. માટે હિન્દહિતૈષી મહાન્ ધર્મોપદેશકો, મહાન્ નરેશો, મહાન્ પુરુષો, અને સજ્જનો તમારે તમારી ખરી ફરજ બજાવવી હોય, તો ગોપાલન માટે દરેક ઘેર હાલ ઓ-

છામા ઓછી એક એક ગાય પળાય, એવી તજવીજ કરવી એજ ખરો ઉપાય છે. અને તેને સારૂ ગાયો જોઇએ તો મળી શકશે નહીં એટલી બધી અછત થઈ ગએલી છે, માટે લોકોને સહેલાઈથી ગાયો મળી શકે તેને સારૂ પાંજરા પોળોની માફક ફડો, શેરો વગેરેથી [illegible] કરી ગાયો ઉછેરવાની સસ્થાઓ યોગ્ય સ્થળોએ ઊભી [illegible] જેટલા બચ્ચાં જોઇએ તેટલા રાખીને વધારાના બચ્ચા વ્યાજબી કિમતે કૃષિકારોને અને જે પાળે તેમને વેચાતા આપવા. આવી સસ્થાઓ પાજળા પોળો કરતા થોડા ભંડોળમા સારી આબાદ થઈ જશે અને સારો ધધો ચાલશે કેમકે, દૂધ, ઘી, બચ્ચા વગેરેના ઉત્પન્નથી ભંડોળ દિવસે દિવસે વધ્યા કરશે અને સુખના દિવસ પ્રાપ્ત થશે આ પ્રાધાનપદ ધરાવનારી તજવીજ સિવાય બીજી તજવીજો કરવી એ અધારામા ફાફા મારવા જેવુ છે એમ સમજાય છે

(ગરબો.)

‘ મેહેલે પધારો મહારાજ, માણીગર ’—એ રાહ.

સહુ સાભળો શિક્ષા સાર સજ્જન જેમા હિત તમારૂ,
થાય સુખમય આ સંસાર માનો એક વાયક મારૂ—(ટેક)
‘ ગૌ બ્રહ્મણ પ્રતિપાળનુ, ’ નામ ધરાવો આપ;
‘ જય ગોપાળ ’ વદો, વળી અતિ ઉત્તમ શબ્દ અમાપ. સજ્જન. ૧
પણ એ નામ પ્રમાણમા, થતા નથી કંઈ કાજ,
ગાય ગરીબ રિબાય છે, તેની દિલ ન મળે કંઇ દાઝ સજ્જન. ૨
ગાડી, વાડી, લાડિમાં, થઇ મહા મગરૂર,
પોષી નિજના પિડને, માનો પાખંડ અવર જરૂર! સજ્જન ૩
ખાતા પીતા ખેલતાં, ખોય દિવસને રાત,
ગદિ દેહના છદમા કરે મમતા ભર્યા ઉત્પાત! સજ્જન. ૪

ગે સેવા કરવા થકી, તરશે સકળ સંસાર,
સફળ થાય આ જન્મ પણ, જડ જનને સમજ ન લગાર સજ્જન. ૫
જીવદયાથી સર્વદા, થાશો પરમ પુનીત,
જશે દુર્દશા દેશની, પ્રભુ પ્રેરશે સુમતિ ત્વરિત સજ્જન. ૬
વાણી બુદ્ધિ ચિત્તથી, શોધો સાર અસાર,
દઢ ધેર એક પળાયતો, થાય અંતે અવશ્ય ઉદ્ધાર. સજ્જન. ૭

(ગરબો.)

'પ્રેમની પ્રેમની પ્રેમનીરે, મને લાગો '—એ રાહ

ગાય છે ગાય છે ગાય છેરે,
 ધનધાન્ય તણું મૂળ ગાય છે— (ટેક.)
પાય છે પય માયના સરીખુ,
 ગુણ તેના તો ગવાય છેરે;— ધન ૧
ભેંસનું ભારી ને બકરીનુ હલકું,
 ગાયનુ સમાન ગણાય છેરે,— ધન. ૨
અનેક વ્યાધિ જે નાશ કરે છે,
 વૈદકનો અભિપ્રાય છેરે,— ધન ૩
ગાય પોષાય તો ખેતીવાડીને,
 દેશ આબાદિ છવાય છેરે;— ધન. ૪
બળદ મળે વળી બહુ બળવતા,
 શાંતિમાં જે જોતરાય છેરે,— ધન. ૫
ખેતી ઉદ્યોગનુ દ્વાર એ ખરેખર,
 આળસમા અટવાય છેરે— ધન. ૬
અન્ન, વસ્ત્ર, શાક પામો અનુપમ,
 મોક્ષ સિદ્ધાંત સદાય છેરે;— ધન. ૭

લોકોને પ્રાર્થના.

આર્ય જનો! શુ સૂઈ રહ્યા છો. પાલન ગૌનું કા ન કરો?
માખણ,મીસરી,દાધ, ઘૃત, પય પી નિજ તણું શુ પેટ ભરો !–ટેક.

ખેતીવાડી સુખનુ સાધન, અન્ન વસ્ત્રનો એજ ઝરો,
ગૌપાલનના કાર્ય આર્ય સૌ, તન મન ધન ખરચીજ કરો. ૧

સકટ કંટક આવી પડે પણ, લેશ માત્ર મનમા ન ડરો,
ઠામ ઠામ ઉપદેશ દઇને, ધર્મ ધ્વજા લઇ નિત્ય ફરો. ૨

સપત સવ ચાલી ગઇ ને, ધીર ધરો કા વીર નરો,
સદ્‌વિદ્યાનો બોધ લઇને, ગૌપાલનથી દુ ખ હરો. ૩

પરદેશી ને આર્ય પ્રજા સૌ, સપ રૂપ સમશેર ધરો,
ગૌ હત્યા આ ભારતમાંથી, અટકે તેમ ઉપાય કરો. ૪

ચેતો ચેતો આર્ય બાંધવો, ધૈર્ય હવે તમે કેવું ધરો,
પ્રાણ જાય છે દીન ગાયના, જોઇ રહો શુ આર્ય નરો! ૫



હે બન્ધુઓ છેવટ એટલી વિજ્ઞપ્તિ છે કે ગાયને પાળી પ્રસન્ન કરીને હમેશ એવી માગણી કરો કે

रोगान् निहंतु मम कामदुधा प्रसन्ना
शत्रून् निहंतु मम कामदुधा प्रसन्ना ।
पापं निहंतु मम कामदुधा प्रसन्ना
लक्ष्मिं ददातु मम कामदुधा प्रसन्ना ॥
आयुर्ददातु मम कामदुधा प्रसन्ना
पुत्रं ददातु मम कामदुधा प्रसन्ना ।
द्रव्यं ददातु मम कामदुधा प्रसन्ना
सौख्यं ददातु मम कामदुधा प्रसन्ना ॥

(શ્રી. ભા.)

અર્થ—મને પ્રસન્ન થએલી ગાય મારા રોગોને, શત્રુઓને, પાપોને નાશ કરો અને લક્ષ્મીને આપો.

મને પ્રસન્ન થએલી ગાય મને આયુષ્ય, પુત્ર, દ્રવ્ય, અને સુખ આપો.